સામાન્ય વિસ્તાર/ આયોજન વિભાગ-૨, ચાલુ બાબત, ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે મુજબની નાણાકીય સહાય માટેનું પેકેજ આપવાની ચાલુ બાબતની યોજનાને સને ૨૦૨૧-૨૦૨૨ ના નાણાકીય વર્ષ માટે વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
**ઠરાવ ક્રમાંક:-સીએસકે/૧૦૨૦૨૦/૧૩૧૮/ખ**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૭/૦૫/૨૦૨૧

**વંચાણે લીધા:-**

(૧) કૃષિ અને સહકાર વિભાગના તા.30/૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૫/૨૨૧૪/ખ
(૨) કૃષિ અને સહકાર વિભાગના તા.૦૭/૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૬/૧૪૪૨/ખ
(૩) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૨/૪/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૭/૧૪૯૫/ખ
(૪) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૨/૪/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૮/૧303/ખ
(૫) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૬/03/૨૦૨૦ ના પત્ર ક્ર: સરમ/૦૧/જ-૧/૩૦૧/૨૦૨૦
(૬) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.03/0૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૯/૧૩૮૧/ખ
(૭) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.0૬/04/૨૦૨૧ ના પત્ર ક્ર: સરમ/૦૧/જ-૧/૧૧૦/૩૫૪/૨૦૨૧

**આમુખ :-**

ગુજરાત રાજ્યનો ખાંડ ઉદ્યોગ સહકારી ધોરણે ચાલતો હોવાથી દરેક ખાંડ મંડળીઓ પાસે નાણાકીય લીકવીડીટીનો અભાવ હોય છે. રાજ્ય સરકાર દ્વારા શેરડી ઉત્પાદક ખેડૂતો તથા ખાંડ ઉદ્યોગને સક્ષમ બનાવવાના અભિગમ સાથે રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે મુજબ પેકેજમાં આધુનિકરણ, અપગ્રેડેશન, વૈવિધ્યકરણના હેતુ માટે ટીસ્યુકલ્ચર લેબ, ઓર્ગેનિક ખાતરનું ઉત્પાદન, મોલાસીસ બેઝ ડીસ્ટીલરી, ટર્બાઈનના બદલે ઈલેક્ટ્રીસીટી મોટરનું ઈન્સ્ટોલેશન, સ્ટીમ ઈકોનોમી પ્રોજેક્ટ, ઓટોમાઈઝેશન વગેરે તેમજ ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થાય તેવા પ્રોજેક્ટ માટે તેમજ સંગ્રહ વ્યવસ્થામાં સુધારા વધારાનો સમાવેશ કરવા અને શેરડીની ઉત્પાદકતા વધારવા માટે રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે નાણાકીય પેકેજ આપવાની ચાલુ બાબતની યોજના હેઠળ ખાંડનિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઉપર્યુક્ત વંચાણે લીધા ક્રમાંક: (૫) માં દર્શાવેલ તા.૧૬/૩/૨૦૨૦ ની દરખાસ્તને સને ૨૦૨૦-૨૦૨૧ ના નાણાકીય વર્ષમાં ઉપર્યુક્ત વંચાણે લીધા ક્રમાંક (૬) ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. સને ૨૦૨૧-૨૦૨૨ ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં રૂ.૧૯૦/- લાખ (અંકે રૂપિયા એકસો નેવું લાખ પુરા) ની જોગવાઈ કરવામાં આવેલ હોઈ ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઉપર્યુક્ત વંચાણે લીધા ક્રમાંક : (૭) માં દર્શાવેલ તા.0૬/04/૨૦૨૧ ના પત્રથી ચાલુ બાબતની યોજનાને સને ૨૦૨૧-૨૦૨૨ ના નાણાકીય વર્ષમાં ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

**ઠરાવ:-**

સરકારશ્રી, પુખ્ત વિચારણાના અંતે રાજ્યની ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકારે નક્કી કરેલ પરિશિષ્ટ-અ મુજબની નાણાકીય સહાય માટેનું પેકેજ આપવાની ચાલુ બાબતની યોજનાને સને ૨૦૨૧-૨૦૨૨ ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૧૯૦/- લાખ (અંકે રૂપિયા એકસો નેવું લાખ પુરા) ની જોગવાઈને આથી નીચે દર્શાવેલ શરતોને આધીન વહીવટી મંજૂરી આપવાનું ઠરાવે છે.

**શરતો અને બોલીઓ :-**

(૧) સહાયનાં ધોરણો આ સાથેના **"પરિશિષ્ટ-અ"** માં દર્શાવ્યા મુજબના રહેશે.
(૨) શેરડીની ઉત્પાદકતા અને ઉત્પાદન વધારવા માટેના કૃષિ વિષયક પ્રોજેક્ટ કૃષિ યુનિવર્સિટીના ટેકનિકલ અભિપ્રાય અને સુચિત પ્રોજેક્ટમાં યુનિટ દીઠ દર્શાવવામાં આવેલ વેચાણ કિંમતની અધિકૃતતા અંગેના

પ્રમાણપત્ર/ખરાઈ સાથે રજુ કરવાની રહેશે. તેમજ બાંધકામ અંગેના પ્રોજેક્ટનો પ્લાન/એસ્ટીમેટ ગવર્મેન્ટ એપ્રુવ્ડ સિવિલ એન્જીનીયર પાસે તૈયાર કરાવી એસ્ટીમેટ ગવર્મેન્ટના એસ.ઓ.આર મુજબના હોવા અંગે સરકારશ્રીના માર્ગ અને મકાન ખાતાના સક્ષમ અધિકારીનુ પ્રમાણપત્ર સંસ્થાએ પ્રોજેક્ટ પ્રપોઝલ સાથે રજુ કરવાનુ રહેશે.

(૩) આ યોજનાનું અમલીકરણ ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે કરવાનું રહેશે. તથા યોજનાની મંજુર કરવામાં આવેલ રકમના વપરાશ તથા વખતો વખત સ્થળ તપાસ કરી, મંજૂર કરવામાં આવેલ સહાયનો ખર્ચ જે તે હેતુ માટે જ કરવામાં આવેલ છે. તેનુ મોનિટરીંગ સંબંધિત જિલ્લા રજિસ્ટ્રારે કરવાનુ રહેશે અને પ્રોજેક્ટ અંગે ઉભા થતા ઓડીટપેરાના જવાબો કરવા તથા તે નિકાલ કરવાની સંપૂર્ણ જવાબદારી સંસ્થા તથા જિલ્લા રજીસ્ટ્રારની રહેશે.

(૪) સહાયની શરતોના પાલનની લેખિત બાહેંધરી ખાંડ સહકારી મંડળીએ આપવાની રહેશે અને યોજનાની નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) જે હેતુ માટે સહાયની માંગણી કરવામાં આવી હશે તે હેતુ માટે ખાંડ સહકારી મંડળીઓએ ભૂતકાળમાં છેલ્લા પાંચ વર્ષમાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના કે અન્ય યોજના હેઠળ આવી સહાય મેળવેલ ન હોવી જોઈએ આ અંગેનુ પ્રમાણપત્ર સંસ્થા એ જિલ્લા રજિસ્ટ્રારશ્રીની ખરાઈ સહ રજુ કરવાનુ રહેશે.

(૬) આ યોજનાની કોઈપણ શરતનો ભંગ થયેલ જણાયેથી સહાયની રકમ ૧૦% વ્યાજ સહિત સહાયની ઉપાડ તારીખથી સરકારશ્રીમાં પરત ભરપાઈ કરવાની રહેશે.

(૭) શેરડીની ઉત્પાદકતા વધારવા માટેનાં પ્રોજેક્ટ પૈકી ટીસ્યુકલ્ચર લેબના પ્રોજેક્ટની દરખાસ્તો તથા આધુનિકીકરણ, અપગ્રેડેશન અને વૈવિધ્યિકરણ ના પ્રોજેક્ટની દરખાસ્તો રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવે ત્યારબાદ વખતો વખત ખાંડ નિયામકના હવાલે મુકવામાં આવનાર ગ્રાન્ટની ફાળવણી સંબંધિત જિલ્લા રજીસ્ટ્રારને કરવાની રહેશે. મંજૂર થયેલ સહાયની રકમ જિલ્લા રજીસ્ટ્રાર અને ખાંડ સહકારી મંડળીના સંયુક્ત ખાતામાં જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક/રાષ્ટ્રીયકૃત બેંકમાં જમા કરાવવાની રહેશે. ખાંડ સહકારી મંડળીએ આ પ્રોજેક્ટના હેતુ માટે ઉભું કરેલ ફંડ/ મેળવેલ કરજની અધિકૃત વિગતો જિલ્લા રજીસ્ટ્રારે મેળવી ફંડની મર્યાદામાં તબક્કાવાર પ્રથમ તબક્કે સહાય મંજૂરીનો હુકમ થયેથી ૫૦% સહાય અને પ્રોજેક્ટ પૂર્ણ થયે જિલ્લા રજીસ્ટ્રારે સ્થળ સ્થિતિની તપાસણી/પ્રગતિની વિગતો રજૂ કર્યા બાદ, ખાંડ નિયામકની પૂર્વ પરવાનગીથી બાકીના ૫૦% રકમની ફાળવણી કરવાની રહેશે.

(૮) સંસ્થાએ પ્રોજેક્ટના કમ્પલીશન સર્ટીફિકેટ, પ્રોજેક્ટ પાછળ થયેલ ખર્ચ, તે પૈકી રાજ્ય સરકારની સહાયની રકમનો વપરાશ વિગેરે વિગતો સહિત જિલ્લા રજીસ્ટ્રાર મારફત ખાંડ નિયામકને રજૂ કરવાની રહેશે.

(૯) શેરડીનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટેના કૃષિ વિષયક અન્ય પ્રોજેક્ટ, ખાંડ સહકારી મંડળીઓ દ્વારા બાયો કંમ્પોસ્ટ, ફોસ્ફો કંમ્પોસ્ટ તથા વર્મી કંમ્પોસ્ટનાં વેચાણ સામે ખાંડ સહકારી મંડળીઓ દ્વારા ખેડૂતોના એકાઉન્ટમાં સીધેસીધી સહાય આપવાના પ્રોજેક્ટ અંતર્ગત યુનિટનું વેચાણ સૌપ્રથમ લાભાર્થીને સંસ્થા દ્વારા પુરી કિંમત લઈને કરવાની રહેશે. ત્યારબાદ વ્યક્તિગત લાભાર્થીની વિગતો સાથેના હિસાબો કેન ડેવલપમેન્ટ ઓફિસર, મેનેંજિગ ડીરેક્ટરશ્રી અને ઓડીટરશ્રીની સહી સાથે, જિલ્લા રજિસ્ટ્રાર મારફત અને તેમની પ્રગતિસહી સાથે સહાયની મંજૂરી મેળવવા અંગેની દરખાસ્ત ખાંડ નિયામક સમક્ષ રજૂ કરવાની રહેશે. ખાંડ નિયામકની મંજૂરી બાદ, સહાયની રકમની ચૂકવણી કરવાની રહેશે. સહાયની હિસ્સો/રકમ સંબંધિત લાભાર્થીના બેંક એકાઉન્ટમાં (NEFT / DBT) થી જમાં કરવાની રહેશે.

(૧૦) શેરડીની ઉત્પાદકતા વધારવા માટેના પ્રોજેક્ટ સિવાયના આધુનિકરણ, અપગ્રેડેશન,વૈવિધ્યિકરણના હેતુ માટેના પ્રોજેક્ટના અમલીકરણનું આ હેતુ માટેના ગર્વમેન્ટ એપ્રુવ્ડ ટેકનીકલ એક્ષપર્ટ પાસે થર્ડ પાર્ટી ઇવેલ્યુએશન કરાવી તેનો રીપોર્ટ રજૂ કરવાનો રહેશે. થર્ડ પાર્ટી ઇવેલ્યુએશનની તમામ ફી નો ખર્ચ સંસ્થાએ ભોગવવાનો રહેશે.

(૧૧) ખાંડ સહકારી મંડળીઓને જે હેતુ માટે સહાય મંજૂર કરવામાં આવેલ હોય તે પ્રોજેક્ટ પૈકી કૃષિ વિષયક સિવાયનો ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ વધુમાં વધુ સહાય મંજૂરી હુકમની તારીખથી ૧૮ માસ સુધીમાં પૂર્ણ કરવાનો રહેશે. [illegible]

(૧૨) શેરડીનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટેના પ્રોજેક્ટ સિવાયના આધુનિકરણ, અપગ્રેડેશન, વૈવિધ્યિકરણના હેતુ માટેના પ્રોજેકટ માટે સહાય મેળવનાર ખાંડ સહકારી મંડળીએ રૂ.૫.૦૦ લાખથી ઉપરની કિમતના કામો માટે ફરજિયાતપણે ઇ-ટેન્ડરીંગ પ્રક્રિયા કરવાને રહેશે.

(૧૩) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે. યોજનાના ઢાંચા મુજબ અમલીકરણ સંદર્ભે પારદર્શિતા રહે તેમજ કોઇ અનિયમિતતા ના સર્જાય તેની તકેદારી મંડળીના હોદ્દેદારો/જવાબદાર અધિકારીએ રાખવાની રહેશે અને તેની કસુર બદલ મંડળીના હોદ્દેદારો/જવાબદાર અધિકારીની સંપૂર્ણ જવાબદારી રહેશે.

(૧૪) શેરડીનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટેના પ્રોજેકટ માટેની દરખાસ્ત તથા આધુનિકરણ, અપગ્રેડેશન, વૈવિધ્યિકરણના હેતુ માટે યોજનામાં દર્શાવવામાં આવેલ પ્રોજેક્ટ પૈકી સંસ્થાની અગ્રતા મુજબ કોઇ પણ એક પ્રોજેક્ટ માટેની દરખાસ્ત રજુ કરવાની રહેશે. ઉપલબ્ધ ફંડની મર્યાદામાં સહાય મંજુર કરવામાં આવશે.

(૧૫) સંસ્થાએ બાયો કંમ્પોસ્ટ, ફોસ્ફો કંમ્પોસ્ટ, વર્મી કંમ્પોસ્ટ અને ટીસ્યુકલ્ચર/સીંગલ આઇબડ અંગે શેરડીનું વાવેતર કરતા હોય તેવા નાના અને સીમાંત ખેડૂતોને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૬) નવી ટીસ્યુકલ્ચર લેબ સ્થાપવા અને હયાત લેબનું વિસ્તૃતિકરણ માટે ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ લિ. ના સંકલનમાં પ્રોજેકટના સ્પેશીફીકેશન આખરી કરવાના રહેશે. તદઉપરાંત ભારત સરકારશ્રીના અન્ન મંત્રાલય તથા સંઘના તાંત્રિક સલાહ સૂચનોસહની મંજૂરી પ્રોજેક્ટનાં આધુનિકીકરણ માટે સ્પેશીફીકેશન નક્કી કરવાના રહેશે. જરૂર જણાયે TPI કરવું.

(૧૭) આ યોજના માટે નાણાંકીય સહાય મેળવવાની દરખાસ્ત ખાંડ સહકારી મંડળીએ **"પરિશિષ્ટ-બ"** મુજબ બ્રીફ નોટ ચેકલીસ્ટમાં યોજનાનો હેતુ, યોજનાનો કુલ આઉટ લે, પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવેલ કામગીરી, પ્રોજેક્ટથી થનાર સંભવિત ફાયદાઓની વિગતો સહિત જરૂરી પ્રોજેક્ટ પ્રપોઝલ સંબંધિત જિલ્લા રજીસ્ટ્રાર મારફતે તેઓના સ્પષ્ટ અભિપ્રાય સહ ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને રજૂ કરવાની રહેશે. ખાંડ નિયામકે સદરહુ દરખાસ્ત કૃષિ અને સહકાર વિભાગને મંજૂરી અર્થે રજૂ કરવાની રહેશે.

(૧૮) સને ૨૦૨૧-૨૨ ના વર્ષની બજેટ જોગવાઇને અધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૯) પ્રસ્તુત યોજનામાં જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અન્ય હેતુઓ માટે ખર્ચ કરી શકાશે નહી.

(૨૦) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણોને અધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૨૧) યોજનાઓની નિયત થયેલ શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૨૨) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૩) આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૨૪) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૨૫) વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૨૬) ઉક્ત વિવિધ યોજના પૈકી કોઈ યોજના માટે નોડલ એજન્સી નિમવાની થાય તો તે યોજના સિવાય અન્ય યોજના માટે પણ તે જ સંસ્થા/એજન્સી નોડલ એજન્સી તરીકે કાર્ય કરતી હોય તો તે નોડલ એજન્સીએ તમામ યોજનાઓ માટે અલાયદા બેન્ક ખાતાઓ ભારત સરકારની PSU બેન્કમાં ખોલવવાના રહેશે.

(૨૭) નોડલ એજન્સીએ નાણા વિભાગના તા.૩૧/૦૧/૨૦૧૯, તા.૦૫/૧૧/૨૦૧૮, તા.૨૯/૧૦/૨૦૧૬, તા.૦૧/૦૯/૨૦૧૪ ના વિવિધ પરીપત્રો તેમજ વખતોવખત નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સુચનાઓનું ચુસ્તપણેપાલન કરવાનું રહેશે.

(૨૮) નોડલ એજન્સી નાણાકીય વર્ષના અંતે તેઓ હસ્તક બચત રહેતી રકમ વ્યાજ સહિત સરકારશ્રીમાં પરત જમા કરાવવાની રહેશે. નોડલ એજન્સીએ કોઈ પણ સંજોગોમાં નાણા વિભાગની પુર્વ મંજૂરી મેળવ્યા વિના સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટ પાર્ક કરવાની રહેશે નહી.

(૨૯) પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજ્ય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટનો જ હિસ્સો ગણવામાં આવશે.

(30) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંદ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૨. આ યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલ બજેટ જોગવાઇ અંગેનો ખર્ચ સને ૨૦૨૧-૨૨ ના વર્ષ દરમિયાન નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

**<u>બજેટ સદર</u>**

**માંગણી ક્રમાંક :- ૫**

**સેક્ટર :- ગ- આર્થિક સેવાઓ**

**પેટા સેક્ટર :- (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ**

**મુખ્ય સદર :- ૨૪૨૫: સહકાર**

**ગૌણ સદર :- ૧૦૮- અન્ય સહકારી મંડળીઓને સહાય**

**પેટા સદર :- ૩૬ સીઓપી... ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે મુજબની નાણાંકીય સહાય માટેનું પેકેજ**

**વિગતવાતર સદર :- ૦૦**

**હેતુ સદર :- ૩૩૫૫ સહાયકી (ગ) અન્યને**

**હેડ ચાર્જેબલ સદર :- ૨૪૨૫ ૦૦ ૧૦૮ ૩૬**

**૬ ડિઝીટ પ્લાન કોડ : ૧૬૦૯૫૦**

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રી(કૃષિ), નાણાં વિભાગની તા.૧૬/0૪/૨૦૨૧ ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એમ.આર. પારેખ)**
**સેકશન અધિકારી**
**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

પ્રતિ,

૧. રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૨. ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૩. મહાલેખાકારશ્રી, ગુજરાત અમદાવાદ/રાજકોટ.
૪. જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, (સુગર) સુરત/જુનાગઢ
૫. નાણાકીય સલાહકારશ્રી (કૃષિ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. નાણાં વિભાગ (બજેટ શાખા), સચિવાલય, ગાંધીનગર
૭. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (બજેટ શાખા), સચિવાલય, ગાંધીનગર